# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2024** **Midday : 1.20 to 1.30**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

- ચૂંટણી પંચે જણાવ્યુ છે કે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે એક હજાર 210 ઉમેદવારો ચૂંટણીજંગમાં છે.
- ચૂંટણી પંચે ગૃહ મંત્રાલયને પશ્ચિમ બંગાળમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે ગૃહમંત્રાલયે કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળ CAPFની 100 વધુ ટીમો તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો.
- લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વિવધ રાજકીય પક્ષોના અગ્રણીઓ રેલીઓ સંબોધી રહ્યા છે. .
- યુરોપિયન સંસદના બૌદ્ધિક ચિંતક એન્જેલોસ ડેલ્વોરિયસે જણાવ્યુ છે કે ભારતની જીડીપી વૃદ્ધિ ચીન કરતા વધી રહી છે અને ભવિષ્યમાં પણ વધતી રહેશે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ, ચૈત્ર શુક્લાદી, નવરેહ અને સાજીબુ ચેઈરોબાની શુભેચ્છાઓ પાઠવી.
- આઈપીએલ ક્રિકેટમાં, આજે સાંજે ચંદીગઢમાં પંજાબ કિંગ્સનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે.

.........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EC-SECOND PHASE

ચૂંટણી પંચે જણાવ્યુ છે કે 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે એક હજાર 210 ઉમેદવારો મેદાનમાં છે.

ઉલ્લેખનીય છે કે 88 બેઠકો માટે કુલ 2 હજાર 633 ઉમેદવારીપત્રો ભરાયા હતા. ચકાસણી બાદ 1 હજાર 428 ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા છે. ગઈકાલે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ હતી. આ તબક્કા માટે આ મહિનાની 26મીએ મતદાન થશે.

બીજા તબક્કામાં, કેરળમાં 20 સંસદીય મતવિસ્તારોમાંથી મહત્તમ 500 નામાંકન નોંધાયા છે, ત્યારબાદ કર્ણાટકના 14 મતવિસ્તારોમાંથી 491 નામાંકન અને ત્રિપુરામાં એક મતદારક્ષેત્રમાંથી ઓછામાં ઓછા 14 નામાંકન પ્રાપ્ત થયા હતા. મહારાષ્ટ્રના નાંદેડ સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ 92 ઉમેદવારીપત્રો મળ્યા છે.

## EC-CRPF

ચૂંટણી પંચે ગૃહ મંત્રાલયને પશ્ચિમ બંગાળમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળ CAPFની 100 વધુ ટીમો તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, પંચની સૂચના પર ગૃહ મંત્રાલય દ્વારા કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળની 55 ટીમો અને સરહદ સુરક્ષા દળોની 45 ટીમો, તૈનાત કરવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું કે, અધિકારીઓને આ મહિનાની 15મી તારીખે અથવા તે પહેલાં પશ્ચિમ બંગાળમાં CAPFની વધારાની 100 ટીમોની તૈનાતી પૂર્ણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

## PM - MP RALLY- ASSAM-AMIT SHAH

લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના પીલીભીતમાં આજે ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. પ્રધાનમંત્રી આજે બપોરે મધ્યપ્રદેશના બાલાઘાટમાં એક રેલીને સંબોધશે.

પ્રધાન મંત્રી આજથી તામિલનાડુની બે દિવસીય મુલાકાતે જશે. તેઓ આજે ચેન્નાઈમાં રોડ શો કરશે અને આવતીકાલે બે જાહેરસભાઓને સંબોધશે. ચેન્નાઈમાં આ રોડ શો દક્ષિણ ચેન્નાઈ અને મધ્ય ચેન્નાઈ એમ બંને ભાગોને આવરી લેશે. તમિલિસાઈ સુંદરરજન ભાજપના દક્ષિણ ચેન્નાઈના ઉમેદવાર છે, જ્યારે વિનોજ પી સેલ્વમ મધ્ય ચેન્નાઈથી DMKના દયાનિધિ મારન સામે ટકરાશે.

આવતીકાલે, પ્રધાનમંત્રી સૌપ્રથમ વેલ્લોરમાં જાહેર સભાને સંબોધશે, સાથી પીએમકેના ધર્મપુરી ઉમેદવાર સૌમ્યા અંબુમણિ અને એસી શનમુગમના સમર્થનમાં મતોનું પ્રચાર કરશે, જેઓ વેલ્લોરથી ભાજપના પ્રતીક પર ચૂંટણી લડી રહ્યા છે.

## REV. ASSAM-AMIT SHAH

**આસામમાં મતદારોને રીઝવવા સ્ટાર પ્રચારકો રાજ્યમાં આવવા લાગ્યા છે. ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે બપોરે ઉત્તર લખીમપુરમાં જાહેર સભા કરશે. તેઓ સાંજે તિનસુકિયા ખાતે રોડ શો કરશે જ્યાં આ મહિનાની 19મીએ મતદાન થશે.**

**આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ ભાભેશ કલિતા પ્રચાર કરી રહ્યા છે. અન્ય પક્ષો પણ પોતાના પક્ષના ઉમેદવારો માટે બેઠકો યોજી રહ્યા છે.**

**પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન બોરા, સાંસદ ગૌરવ ગોગોઈ અને પ્રદ્યુત બોરદોલોઈ સમર્થન મેળવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે.**

AAP નેતા આતિશીએ ગઈકાલે પાર્ટીના ઉમેદવાર માટે દુલિયાજણ ખાતે રોડ શો યોજ્યો હતો. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં પાંચ બેઠકો માટે 35 ઉમેદવારો મેદાનમાં છે.

## TRIPURA-SUSPENSION

ત્રિપુરામાં રાજ્ય સરકારે ત્રિપુરા રાજ્ય રાઈફલ્સ હેઠળ કામ કરતા કર્મચારી સહિત રાજ્ય સરકારના ત્રણ કર્મચારીઓને સેવામાંથી બરતરફ  કરી દીધા છે.

સત્તાવાર  સૂત્રોએ જણાવ્યું હતું કે ચૂંટણી વિભાગની તપાસ અને ભલામણ બાદ ત્રણ કર્મચારીઓ સામે દાખલ કરવામાં આવેલા ચૂંટણી મોડેલ આચાર સંહિતા (MCC) ના ઉલ્લંઘનના આરોપો અધિકૃત જણાયા હતા

ગયા અઠવાડિયે, અન્ય બે સરકારી કર્મચારીઓને પણ આચારસંહિતાના ભંગ બદલ  બરતરફ  કરવામાં આવ્યા હતા.

## ED-KEJRIWAL PA

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સહાયક વિભવ કુમાર અને AAP ધારાસભ્ય દુર્ગેશ પાઠકની એક્સાઈઝ ડ્યુટી નીતિ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર  તેમના નિવેદનો પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવ્યા હતા. 2021-22માં ગોવા વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીના પ્રચારના સંદર્ભમાં દુર્ગેશ પાઠકની પૂછપરછ કરવામાં આવી હતી.

ડિરેક્ટોરેટે આરોપ લગાવ્યો છે કે દક્ષિણ જૂથ દ્વારા આપવામાં આવેલી 100 કરોડ રૂપિયાની લાંચમાંથી લગભગ 45 કરોડ રૂપિયા AAP દ્વારા ગોવા વિધાનસભા ચૂંટણી પ્રચાર માટે વાપરવામાં આવ્યા હતા.

## INDIA CHINA GDP

યુરોપિયન સંસદના બૌદ્ધિક ચિંતક એન્જેલોસ ડેલ્વોરિયસે જણાવ્યુ છે કે ભારતની જીડીપી વૃદ્ધિ ચીન કરતા વધી રહી છે અને ભવિષ્યમાં પણ વધતી રહેશે.

વિદેશી નીતિઓના નિષ્ણાત એન્જેલોસ ડેલ્વોરિયસે યુરોપિયન સંસદમાં સંસદીય સંશોધન - EPRS માં નીતિ નિષ્ણાત છે. EPRS યુરોપિયન સંસદના સભ્યોને વ્યાપક સંશોધન અને વિશ્લેષણાત્મક સમર્થન પૂરું પાડે છે.

છેલ્લા દાયકામાં ભારતીય અર્થવ્યવસ્થાના સતત વિકાસનો ઉલ્લેખ કરતા એન્જેલોસ ડેલ્વોરિયસે કહ્યું કે ભારતની જીડીપી વૃદ્ધિ ચીન કરતા વધુ ઝડપી છે.

આ વૈશ્વિક મંચ પર આર્થિક મહાસત્તા તરીકે ભારતના ઉદભવને દર્શાવે છે. ભારતની જીડીપી વૃદ્ધિ છેલ્લા પાંચ વર્ષથી ચીનની વાર્ષિક વૃદ્ધિ કરતાં વધુ છે. 2023માં ભારતની સરેરાશ વૃદ્ધિ 7.5 ટકા હતી જ્યારે ચીનની વૃદ્ધિ 5.2 ટકા હતી. ભારતનો જીડીપી વૃદ્ધિ 2026 સુધીમાં સાત ટકા સુધી પહોંચવાની શક્યતા છે, જ્યારે ચીનની 4.6 ટકા રહેશે. અંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ –IMF નો અંદાજ છે કે 2024માં ચીનનો વિકાસ દર 4.6 ટકા રહેશે, જે 2028માં ઘટીને 3.5 ટકા થઈ જશે.

ભારતના મહત્વાકાંક્ષી માળખાકીય પ્રોજેક્ટ્સ અને અવકાશ સંશોધનમાં તાજેતરના પગલાઓ સાથે, ડેલિવોરિયાસે રાષ્ટ્રની વ્યાપક આર્થિક વ્યૂહરચના પર પ્રકાશ પાડ્યો.

## PM-NEW YEAR NAVRATRI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ, ચૈત્ર શુક્લાદી, નવરેહ અને સાજીબુ ચેઈરોબાની શુભેચ્છાઓ પાઠવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને નવ સંવત્સરની શુભેચ્છા પાઠવી છે.

એક સંદેશમાં, શ્રી મોદીએ શુભેચ્છા પાઠવતા કહ્યું કે નવું વર્ષ બધા માટે સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય લાવે. શ્રી મોદીએ ગુડી પડવા, ચેટી ચાંદ, નવરેહ, ઉગાડી, સાજીબુ ચીરોબાના અવસર પર પણ શુભેચ્છાઓ પાઠવી છે.

નાગરિકોને નવરાત્રિની શુભકામનાઓ પાઠવતા શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે શક્તિની ઉપાસનાનો તહેવાર બધા માટે સુખ, સમૃદ્ધિ, સૌભાગ્ય અને સારું સ્વાસ્થ્ય લાવશે.

## NAVRATRA

દેવી દુર્ગાની પૂજાનો નવ દિવસીય ચૈત્રી નવરાત્રિ પર્વનો આજથી પ્રારંભ થયો છે.

વહેલી સવારથી જ મંદિરોમાં દેવી દુર્ગાની પૂજા માટે ભક્તોની ભીડ જોવા મળી રહી છે. નવરાત્રીના પહેલા દિવસે દેવી દુર્ગાની શૈલપુત્રીના રૂપમાં પૂજા કરવામાં આવે છે.

રાજધાની દિલ્હીના કાલકાજી, ઝંડેવાલાન અને અન્ય મંદિરોમાં ભક્તો પૂજા માટે પહોંચી રહ્યા છે.

## PAK- BLASTS

પાકિસ્તાનનાં બલૂચિસ્તાન પ્રાંતમાં બે અલગ-અલગ બોમ્બ વિસ્ફોટોમાં એક પોલીસકર્મી સહિત ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા અને 20 અન્ય ઘાયલ થયા, પોલીસે ના જણાવ્યા અનુસાર પ્રથમ ઘટનામાં પ્રાંતના ક્વેટા જિલ્લાના કુચલક વિસ્તારમાં ગઈકાલે સાંજે એક મસ્જિદમાં વિસ્ફોટ થતાં એક પોલીસકર્મીનું મોત થયું હતું અને અન્ય 15 લોકો ઘાયલ થયા હતા.

અન્ય એક ઘટનામાં, ગઈકાલે ખુઝદાર શહેરમાં ઉમર ફારૂક ચોક નજીકના બજારમાં બોમ્બ વિસ્ફોટમાં બે લોકો માર્યા ગયા અને પાંચ ઘાયલ થયા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે વિસ્ફોટ ત્યારે થયો જ્યારે ઈદની ખરીદી માટે

બજારમાં મહિલાઓ અને બાળકો સહિતની ભીડ હતી. આ ઘટનાઓની જવાબદારી કોઈ સંગઠને લીધી નથી.

## INDIA - NEPAL

નેપાળ-ભારત વિકાસ સહયોગ હેઠળ નેપાળમાં સાંખુવાસભા જિલ્લાના ચિચિલા ગ્રામીણ મ્યુનિસિપલ કોર્પોરેશન-3માં શ્રી ડીડિંગ બેઝિક સ્કૂલ બિલ્ડિંગના નિર્માણનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. ભારત સરકારની ચાલીસ કરોડ 29 લાખ નેપાળી રૂપિયાની આર્થિક સહાયથી આ શાળાનું બિલ્ડીંગ બનાવવામાં આવી રહ્યું છે

નેપાળ-ભારત સહકાર હેઠળની ભારતીય ગ્રાન્ટનો ઉપયોગ અન્ય સુવિધાઓ સાથે આ શાળાની બે માળની શૈક્ષણિક અને વહીવટી શાખાના નિર્માણ માટે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ભારત અને નેપાળ વચ્ચે મજબૂત વિકાસ ભાગીદારીનું મહત્વનું ઉદાહરણ છે.

2003 થી, ભારત સરકારે નેપાળના વિવિધ વિસ્તારોમાં 550 થી વધુ ઉચ્ચ પ્રભાવિત સમુદાય વિકાસ પ્રોજેક્ટ્સ - HICDPs ના નિર્માણની જવાબદારી લીધી છે. જેમાંથી 488 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે.

## UTTARAKHAND-ROAD ACCIDENT

**ઉત્તરાખંડમાં, નૈનીતાલ જિલ્લાના ઉંચકોટ ખાતે ગઈકાલે મોડી રાત્રે માર્ગ અકસ્માત માં આઠ નેપાળી મૂળના કામદારોના મોત થયા હતા અને અન્ય બે ઘાયલ થયા હતા.**

**પોલીસે SDRF સાથે મળીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું અને તમામ આઠ મૃતદેહો બહાર કાઢ્યા હતા. બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા બે લોકોને વધુ તબીબી સારવાર માટે ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા છે.**

## IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં, આજે ચંદીગઢમાં પંજાબ કિંગ્સનો મુકાબલો સનરાઈઝર્સ હૈદરાબાદ સામે થશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે કોલકાતા નાઈટ રાઈડર્સને સાત વિકેટે હરાવ્યું છે. ચેન્નાઈએ ત્રણ વિકેટ ગુમાવીને 141 રન બનાવ્યા હતા. કેપ્ટન રિથુરાજ ગાયકવાડે 58 બોલમાં અણનમ 67 રન બનાવ્યા હતા.